દિવ્ય ભાસ્કર

Valsad 2 January, 2018

# ધરમપુરમાં રાજચંદ્ર આશ્રમ રક્તદાન શિબિરમાં 530થી વધુ યુનિટ રક્ત એકત્રિત થયું



ધરમપુરના પૂ. ગુરુદેવ રાકેશભાઈની પ્રેરણાથી આશ્રમ ખાતે "લવ ઈઝ રેડ" શીર્ષક હેઠળ રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. આંતરરાષ્ટ્રીય મુખ્ય મથક ધરમપુરનાં શ્રીમદ રાજચંદ્ર આશ્રમમાં ચાલી રહેલા વર્ષ-પૂર્ણાહુતિ મહોત્સવમાં દેશ-વિદેશનાં અનુયાયીઓ આવ્યા છે. દર બે સેકન્ડે કોઈ વ્યક્તિને લોહીની જરૂર પરંતુ ઉદાર દાતાઓ રક્તદાન કરી શકે છે. શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેર વિશ્વની રક્તની માંગ સાથે સંકલિત કરી વિશ્વ બંધુત્વનાં સક્રિય હિમાયતી તરીકે જગતમાં પ્રેમના વધારવા લોકોને રક્તદાન માટે પ્રેરિત કરવા આશ્રમ ખાતે યોજાયેલા રક્તદાન શિબિરમાં 530થી વધુ યુનિટ રક્ત એકત્રિત થયું હતું.